## આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવલીયા ફાર્મ,

## જીલ્લો: દાહોદ

કૃષિ મહોત્સવ-૨૦૧૬ અંતર્ગત આગામી ચોમાસુ ઋતુ પુર્વ આયોજન માટે તા: ૨૬-૦૫-૨૦૧૬ થી ૨૭-૦૫-૨૦૧૬ દરમ્યાન મોટા હાથીધરા, તાલુકો: લીમખેડા, જીલ્લો: દાહોદ ખાતે ખેતીવાડીશાખા તથા આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા દાહોદ જીલ્લાના લીમખેડા, સંજેલી, ધાનપુર અને દેવગઢ બારીઆ તાલુકાના ખેડુતોને આધુનિક ખેતી પધ્ધતી, સજીવ ખેતી પધ્ધતી, પશુપાલન તેમજ અન્ય કૃષિ વિષયક જાણકરી તથા માર્ગદર્શન મેળવી શકે તે માટે બે દિવસીય કૃષિ સેમિનાર-વ-કૃષિ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

તા: ૨૬.૦૫.૨૦૧૬ ના રોજ શ્રી બચુભાઈ ખાબડ માન.મંત્રીશ્રી, વન, પર્યાવરણ અને મત્સ્યોધોગ (રા.ક.) અને કાર્યક્રમના અધ્યક્ષશ્રી, શ્રી જસવંતસિંહ ભાભોર, માન. સંસદ સભ્યશ્રી, દાહોદ, શ્રી વિછિયાભાઇ ભુરીયા, માન. ધારાસભ્યશ્રી, લીમખેડા, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, એ.પી.એમ.સી. ચેરમેનશ્રીઓ તેમજ જીલ્લા પંચાયતના સભ્યશ્રીઓ અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓની હાજરીમાં કૃષિ મહોત્સવ-૨૦૧૬ અંતર્ગત કૃષિ સેમિનાર-વ-કૃષિ પ્રદર્શનને ખેડુતો માટે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ સાથે યુનિવર્સિટી, ખેતીવાડી ખાતું, બાગાયત ખાતું, પશુપાલન ખાતું તથા અન્ય લાઈન ડીપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા. જેમાં સેશન ૧માં ૨૬૧૯ અને સેશન ૨માં ૨૨૧૩ જેટલા ખેડુતભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો.

તા: ૨૭.૦૫.૨૦૧૬ના રોજ ડો. એચ.એલ. ધડુક, વૈજ્ઞાનિક (ખેતી)એ ખરીફ પાકોમાં પુર્વ તૈયારી અને મુખ્ય પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષે, ડો. એ.પી. પરમાર, વૈજ્ઞાનિક (પશુપાલન)એ પશુઓની સાર-સંભાળ તેમજ સ્વચ્છ દુધ ઉત્પાદનની ચાવીઓ વિષે અને પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ શાકભાજી પાકોમાં સજીવ ખેતી અને કિચન ગાર્ડેનીંગ અંગે ખેડુતોને માહિતગાર કર્યા હતા. જેમાં સેશન ૧માં ૨૧૫૬ અને સેશન ૨માં ૧૮૮૭ જેટલા ખેડુતભાઇઓ અને બહેનોએ ભાગ લીધેલ હતો.



મહાનુભાવો દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન



શ્રી જસવંતસિંહ ભાભોર, માન. સંસદ સભ્યશ્રીનું ઉદબોધન



શ્રી બચુભાઈ ખાબડ માન.મંત્રીશ્રી ઉદબોધન



માન.મંત્રીશ્રી દ્વારા પ્રગતિશીલ ખેડુતનું સન્માન



નોડલ વૈજ્ઞાનિકશ્રીનું ઉદબોધન



ડો. એ. પી. પરમારનું ઉદબોધન





પ્રગતિશીલ ખેડુતો દ્વારા યુનિવર્સિટી પ્રદર્શનનું મુલાકાત